મૉંગરોળના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુકામ–માંગરોળ

**<u>ફોજદારી કેસ નંબર–૩૨૬/૨૦૨૧</u>**

**<u>આંક–</u>**

શ્રી સરકાર ........ફરીયાદી

વિરુધ્ધ

મોહીતભાઇ મોહનભાઇ બગીયા જાતે કોળી,
રહે–જુનાગઢ,ઠે.–દોલતપરા વિસ્તાર,ગોપાલનગર,
તા.–જી.–જુનાગઢ ..........આરોપી

**<u>ગુનો – ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨),૮૧ મુજબ</u>**

**<u>ચુ કા દો</u>**

(૧) હાલની ફરિયાદના કામે આરોપી નંબર–૧ મોહીતભાઇ મોહનભાઇ બગીયા હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો આપી અને ત્હોમતનામું ફરમાવી અને તે સંદર્ભે પ્લી નોંધતા તેમા તે ગુનો કબુલ કરતા હોય જે ગુનો કબુલ કરવાની લેખીત પુરસીસ વંચાણે લેતા તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને તેમની સામે આવા ગુનાની પ્રથમ ફરીયાદ છે અને ભવિષ્યમાં આવા કોઇ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુટુંબનુ ભરણ પોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપી નંબર–૧ મોહીતભાઇ મોહનભાઇ બગીયાને કોર્ટ કાર્યવાહીમાં નીયમીત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને સાથે સાથે રજુઆત કરેલ છે કે, તેઓ તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેથી જો તેમને જેલની સજા કરવામાં આવે તો તેમના કુટુંબના ભરણપોષણ ઉપર અસર થાય તેમ છે અને આરોપી નંબર–૧ મોહીતભાઇ મોહનભાઇ બગીયાને થતી સજાની અસર તેના સમગ્ર કુટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આરોપી નંબર–૧ મોહીતભાઇ મોહનભાઇ બગીયાની કબુલાત પુરસીસ વંચાણે લેતા આરોપી સ્વૈચ્છિક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ લેતા, તેમાં પણ આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઇ આવતું હોય, રેકર્ડ, આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતા તથા આ પ્રકારના કેસોનો કોર્ટમાં

થયેલ ભરાવો ધ્યાને લેતાં આ કેસ ચાલી જતા સમય લાગે તેમ હોય અને આ કેસ ચાલતા દરમીયાન આરોપીએ કોર્ટમાં હાજર રહેવા તેમનો કામ ધંધો છોડીને આવવું પડે તેમ હોવાનું ધ્યાને લેતાં અને આરોપીની કૌટુંબીક પરિસ્થતિ અને સામાજિક સંજોગો ધ્યાને લેતાં તથા આ કેસના સંજોગો ધ્યાને લેતાં તથા આરોપી સામે અગાઉ અન્ય કોઇ ગુનો નોંધાયેલ હોવાનું ચાર્જશીટના કાગળો જોતાં જણાતું ન હોય અને આરોપી પાસેથી કબ્જે લીધેલ મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેતાં હાલના કેસમાં આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વ્યાજબી સંજોગો રહેલા હોય, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ "ગુજરાત રાજ્ય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર" ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

– આ કામના આરોપી નંબર–૧ મોહીતભાઇ મોહનભાઇ બગીચાને ક્રીમીનીલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે, ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫(એ)(એ),૯૮(૨),૮૧ મુજબના શીક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રુ. ૩૦૦/– (અંકે રુ. ત્રણસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને આરોપી દંડની રકમ જમાં કરાવવામાં કસુર કર્યેથી દિવસ–૦૩ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામના આરોપી નંબર–૨ તથા ૩ વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

– કેસ સંપુર્ણ ફેસલ થતો ન હોય મુદ્દામાલ બાબતે હાલ કોઇ હુકમ નથી.

**આ હુકમ આજ તારીખ ૧૨મી, માહે–જુન, સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ–માંગરોળ**
**તારીખ–૧૨/૦૬/૨૦૨૩**

**(ચંગીઝ મસવર રાઠોડ)**
**જ્યુડી.મેજી.ફ.ક., માગરોળ**
**Judge code - GJ 0 1238**